# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.11.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**********

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એશિયન પેરા ગેમ્સ 2026 માં ભાગ લેનારા ખેલાડીઓ સાથે વાતચીત કરશે.

2) કેન્દ્રીય મંત્રીમંડળે અગ્નિપથ યોજનાના સુધારેલા માળખાને મંજૂરી આપી.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણામાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના શહીદોની યાદમાં બનેલા શહીદ સ્મારકનું ઉદ્ઘાટન કરશે.

4) સરકારે નીચલી ગુણવત્તાવાળી દવાઓના ઉત્પાદન લાઇસન્સ રદ્દ કરવા ડ્રગ્સ રૂલ્સ 1945 માં સુધારા પ્રસ્તાવિત કર્યા.

5) હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં આજે મોહાલી ખાતે ભારત જાપાન સામે ટકરાશે.

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM – ASHIAN PERA GAMES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે એશિયન પેરા ગેમ્સ 2026 માં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓ સાથે વાતચીત કરશે. તેઓ આ પ્રસંગે સંબોધન પણ કરશે.

ભારતે જાપાનના આઈચી-નાગોયામાં આયોજિત એશિયન પેરા ગેમ્સમાં અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું, જેમાં 97 પેરા-એથ્લીટ્સે કુલ 114 ચંદ્રક જીત્યા. જેમાં 30 સુવર્ણ, 35 રજત અને 49 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

# CABINET

કેન્દ્રીય મંત્રીમંડળે અગ્નિપથ યોજના માટે સુધારેલા માળખાને મંજૂરી આપી છે. આનાથી સંરક્ષણ દળોમાં તમામ ઇચ્છુક અગ્નિવીરોની 100% ભરતીનો માર્ગ મોકળો થશે. ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા, સીડીએસ જનરલ એનએસ રાજા સુબ્રમણીએ જણાવ્યું કે, 75 ટકા અગ્નિવીરોને હવે બે વર્ષનો વધારાનો સમયગાળો આપવામાં આવશે. ઇચ્છુક અગ્નિવીરો સશસ્ત્ર દળોમાં નોંધણી કરાવી શકશે.

[S/B-CABINET-AGNIVEERS-SI]

કેન્દ્રીય મંત્રીમંડળે પાંચ વર્ષના સમયગાળામાં બે હજાર કરોડ રૂપિયાથી વધુના નાણાકીય ખર્ચ સાથે 'કૃષિ ખનિજ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા મૂડી સહાય યોજના' ને મંજૂરી આપી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે લિથિયમ, નિકલ અને કોબાલ્ટ ઇલેક્ટ્રિક વાહનો, બેટરી, ઇલેક્ટ્રોનિક્સ અને સંરક્ષણ માટે આવશ્યક છે. તેમણે કહ્યું આ શુદ્ધ સામગ્રીની આયાત નિર્ભરતા ઘટાડવા મંત્રીમંડળે કેપેક્સ સપોર્ટ યોજનાને મંજૂરી આપી છે.

બીજી એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ  કહ્યું કે મંત્રીમંડળે ભારતની આંકડાકીય પ્રણાલીમાં પરિવર્તન લાવવા માટે વિકસિત ભારત પહેલ ફોર સ્ટેટિસ્ટિકલ ટ્રાન્સફોર્મેશન, એનાલિટિક્સ એન્ડ રિસર્ચ યોજનાને પણ મંજૂરી આપી છે. તેમણે કહ્યું આ યોજના હેઠળ નોંધ લેવાના મુખ્ય પાસાઓ ટેકનોલોજી અને AIનો ઉપયોગ, સૂક્ષ્મ સ્તર પર ધ્યાન કેન્દ્રિત કરવા અને આધુનિક તેમજ સંકલિત આંકડાકીય પ્રણાલીઓનું નિર્માણ છે.

# AMIT SHAH - HARYANA VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના અંબાલા કેન્ટમાં 1857ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના શહીદોની યાદમાં બનેલા શહીદ સ્મારકનું ઉદ્ઘાટન કરશે. ભાજપના નેતા અને ભૂતપૂર્વ મંત્રી અસીમ ગોયલે ગઈકાલે અંબાલામાં એક પત્રકાર પરિષદ દરમિયાન આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે આ ફક્ત એક સ્મારકનું ઉદ્ઘાટન નથી, પરંતુ દેશની સ્વતંત્રતા માટે સર્વસ્વ બલિદાન આપનારા નાયકો પ્રત્યે રાષ્ટ્રનો કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને શ્રદ્ધાંજલિ આપવાનો એક ઐતિહાસિક પ્રસંગ છે. શ્રી ગોયલે ઉલ્લેખ કર્યું, 22 એકર વિસ્તારમાં આશરે 800 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ આ ભવ્ય સ્મારક હરિયાણાના ઐતિહાસિક વારસાના ભાગ રૂપે એક અલગ ઓળખ સ્થાપિત કરશે. 1857ના સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલા 700 થી વધુ બહાદુર શહીદોના નામ સ્મારક પર સુવર્ણ અક્ષરોમાં અંકિત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કેન્દ્રીય ગૃહમંત્રી અંબાલાના ગાંધી ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરશે. આ પહેલા, શ્રી શાહ કરનાલમાં ભાજપના લોકતંત્ર બચાવો, અરજકતા હટાઓ અભિયાનના ભાગ રૂપે આયોજિત પદયાત્રાનું નેતૃત્વ કરશે.

# SC - CHILD LABOUR

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, 2016 ની જોગવાઈઓના અમલીકરણ પર દેખરેખ રાખવા અને એક ખાસ સેલની રચના કરવાનો નિર્દેશ આપ્યો. ન્યાયાધીશ એસવીએન ભટ્ટી અને એનવી અંજારિયાની પીઠે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને આ સંદર્ભમાં રાજ્યોના સંબંધિત મુખ્ય સચિવો દ્વારા અમલીકરણ એજન્સીઓને નિર્દેશો જારી કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ કાયદો બાળ રોજગાર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદે છે અને તમામ વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની મજૂરી પર પ્રતિબંધ મૂકે છે.

# SC-ECI IMMUNITY

સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો દ્વારા કરાયેલા કાર્યો માટે સંપૂર્ણ કાનૂની પ્રતિરક્ષા આપવાની જોગવાઈની બંધારણીય માન્યતાને પડકારતી અરજી પર કેન્દ્ર અને ભારતના ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે.

મુખ્યમુર્તિ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી બેન્ચે ગઇકાલે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, 2023 ની કલમ 16 ને પડકારતી અરજી પર નોટિસ જાહેર કરી છે. આ કલમ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો સામે તેમની સત્તાવાર ફરજો નિભાવવા દરમિયાન કરાયેલા કાર્યો માટે નાગરિક અને ફોજદારી કાર્યવાહી પર પ્રતિબંધ મૂકે છે. અરજદારે દલીલ કરી છે કે આ પ્રતિરક્ષા અતિશય અને ગેરબંધારણીય છે.

# UP -2027

ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષણ બોર્ડે 2027 ની ધોરણ 10 અને ધોરણ 12 ની બોર્ડ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓનું નવું ફોર્મેટ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ પગલું પરીક્ષા પ્રણાલીને વધુ સુરક્ષિત, પારદર્શક બનાવવાનો છે. સાંભળીએ એક અહેવાલ

(V/C: OM AVASTHI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

ડેસ્ક

# REV DRUGS DRAFT AMENDMENT

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ડ્રગ્સ રૂલ્સ 1945 માં સુધારા પ્રસ્તાવિત કર્યા છે. પ્રસ્તાવિત સુધારાઓમાં નીચલી ગુણવત્તાવાળી દવાઓની શોધ પર તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપ સક્ષમ બનાવવા અને દર્દીની સલામતી અને જાહેર આરોગ્યના હિતમાં અનુપાલન સુનિશ્ચિત કરવાની પદ્ધતિને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વધુ વિગતો અમારા સંવાદદાતા પાસેથી

(VC- SHIVANG MISRA)

# TRUMP---ELECTION-RESULT

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકાર્યું કે ઈરાન યુદ્ધે મધ્યસત્ર ચૂંટણીઓને અસર કરી છે. તેમણે કહ્યું મતદારો આઠ મહિના જૂના સંઘર્ષના પરિણામે ગેસના ભાવમાં વધારાથી હતાશ હતા. પત્રકારો સાથે વાત કરતા શ્રી ટ્રમ્પે કહ્યું, તેઓ ડેમોક્રેટ્સ સાથે કામ કરી શકે છે, પરંતુ તેમણે ગતિરોધની ચેતવણી પણ આપી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા અટકાવવું તેમની લાંબા ગાળાની પ્રાથમિકતા છે.

ડેમોક્રેટસની જીત બાદ, વૈશ્વિક ઊર્જા બજારોમાં એક મહિનામાં પહેલી વાર બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ 8% થી વધુ ઘટીને 100 ડોલર પ્રતિ બેરલથી નીચે આવ્યા છે.

# INDIAN AMERICANS-POLLS

ભારતીય મૂળના અમેરિકન ઉમેદવારોએ મધ્યવર્તી ચૂંટણીઓમાં મજબૂત છાપ છોડી છે. ચાર વર્તમાન ડેમોક્રેટિક સભ્યો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ફરીથી ચૂંટાયા છે. જેમાં અમી બેરા, રો ખન્ના, સુહાસ સુબ્રમણ્યમ અને પ્રમિલા જયપાલનો સમાવેશ થાય છે જ્યારે પિયા દાંડિયાએ પણ આ ચુંટણીમાં જીત મેળવી છે.

બીજી તરફ મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલર બીજી મુદત માટે ચૂંટાયા છે.

# HOCKY

હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં આજે મોહાલીમાં ભારત જાપાન સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યાથી ઓલિમ્પિયન બલબીર સિંહ સિનિયર ઇન્ટરનેશનલ હોકી સ્ટેડિયમ ખાતે રમાશે.

ભારતે ગઈકાલે સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાને 8-1થી હરાવીને જ્યારે જાપાને પેનલ્ટી શૂટઆઉટમાં મલેશિયાને 5-3થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

કાંસ્ય ચંદ્રક માટે મલેશિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે મેચ રમાશે.

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતની અનમોલ ખાર્બ અને તન્વી શર્મા કોરિયા ઓપન સુપર 500 ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડ પોહચ્યાં છે. અનમોલે શરૂઆતના રાઉન્ડમાં કેનેડાની રશેલ ચાનને 21-19, 21-18 થી હરાવી હતી. તેનો આગામી મુકાબલો જાપાનની બીજા ક્રમાંકિત અકાને યામાગુચી સામે થશે.

તન્વીએ પણ જાપાનની મનામી સુઇઝુને ત્રણ સેટથી હરાવીને સખત જીત નોંધાવી. આગામી રાઉન્ડમાં તેનો સામનો જાપાનની હિના અકેચી સામે થશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ કેન્દ્ર સરકારે અગ્નિવીર યોજનામાં કરેલ સુધારા તેમજ અમેરિકન ચૂંટણી પરિણામોના સમાચારો પ્રથમ પાને છાપ્યા છે
- નવ ગુજરાત સમય લખે છે ડોનાલ્ડ ટ્રમ્પને જાકારો અમેરિકાની મધ્ય સત્ર ચૂંટણીમાં કારમો પરાજય - અગ્નિવિરોને દિવાળી ભેટ વધુ બે વર્ષ નોકરી કરી શકશે
- ગુજરાત સમાચાર લખ્યું ટ્રમ્પને આપખુદી ભારે પડી ચૂંટણીમાં રિપબ્લિકકન્સને લપડાક આ ઉપરાંત અમેરિકાની ચૂંટણીમાં ભારતીયનો દબાવો
- ખાંડના ભાવમાં વધારો ઈરાને ભારત ચીન સહિત ચાર દેશોના જહાજો માટે હોર્મુઝનો માર્ગ ખોલ્યો આ સમાચાર પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે
- સ્થાનિક સમાચારોમાં વાત કરીએ તો આજથી શાળા કોલેજોમાં દિવાળી વેકેશન અને અમુલે ઘી અને બટરમાં ભાવ વધારો કર્યો આ સમાચાર વાંચવા મળી રહ્યા છે